Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

અબ તો એક ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-15■ તા. 03-04-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેકટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

વડાપ્રધાન મોદી અને નેપાળના વડાપ્રધાન દેઉબાએ જયનગરથી ટ્રેનને લીલી ઝંડી બતાવી રવાના કરી

નવીદિલ્હી,તા.૨

આઠ વર્ષ બાદ આજથી ભારત અને નેપાળ વચ્ચે રેલવે સેવા શરૂ થઈ ગઈ છે. આ સાથે બંને દેશોના ઈતિહાસના પાનાઓમાં આજની તારીખ સુવર્ણ અક્ષરોમાં નોંધાઈ ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નેપાળના પીએમ શેર બહાદુર દેઉબાએ દિલ્હીના હૈદરાબાદ હાઉસથી ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. આ પહેલા બંને દેશોના વડાપ્રધાનોએ બેઠક પણ કરી હતી. આ દરમિયાન બંને દેશોના પ્રતિનિધિમંડળો વચ્ચે વાતચીત પણ થઈ હતી. જો કે, મુસાફરો માટે રેલવે સેવા આવતીકાલે એટલે કે ૩જી એપ્રિલથી શરૂ થશે.

જયનગર કુર્થા ભાયા જનકપુર (૩૪.૯ કિમી) રેલ્વે લાઈન પર સ્થિત તમામ સ્ટેશન અને હોલ્ટ રેલ સેવાના શુભારંભ માટે તૈયાર કરાયું હતુ. સ્થાનિક અને નેપાળી નાગરિક ઉદ્ઘાટનની આ ક્ષણની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. ટ્રેનનું સંચાલન શરૂ થતાં જ નેરોગેજ પરની ટ્રેનની સ્થિતિમાં પણ બદલાવ થશે. ટ્રેનની કામગીરી શરૂ થતાની સાથે જ બંને દેશો વચ્ચેનાં વ્યાપાર સંબંધ પણ મજબૂત થશે. સમસ્તીપુર ડીઆરએમ આલોક અગ્રવાલે જણાવ્યું હતું કે, ઉદ્ઘાટન માટેની તમામ તૈયારીઓ કરવામાં આવી હતી.

નેપાળના જયનગર સ્ટેશન પર ૫-૫ કોચની બે ટ્રેન દુલ્હનની જેમ શણગારવામાં આવી હતી. દિલ્હીના હૈદરાબાદ હાઉસથી બંને દેશોના પીએમ ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી આ પછી ટ્રેન નેપાળથી ભારત જવા રવાના થઈ હતી. ટ્રેન જયનગરથી લગભગ ૩૦ કિમી દૂર જનકપુર સ્ટેશને પહોંચતાની સાથે જ એક વિશેષ કાર્યનું આયોજનની શરુઆત થઈ હતી. તેનું આયોજન નેપાળ સરકાર દ્વારા કરવામાં આવ્યું હતુ. અહીં, સામાન્ય મુસાફરોને ટિકિટ ૩ એપ્રિલ એટલે કે આવતીકાલથી મળવાનું શરૂ થશે.જયનગરથી ઇનરબા ૪ કિમી, ઇનરબાથી ખજુલી ૪.૬ કિમી, ખજુલીથી મહિનાથપુર (હોલ્ટ) ૬.૯ કિમી, મહિનાથપુરથી વેદહી ૪.૪ કિમી, વેદહીથી પરવાહા (હોલ્ટ) ૩.૦૭ કિમી, પરવાહાથી જનકપુર (હોલ્ટ) ૭.૯ કિલોમીટર અને જનકપુરથી કુર્થા ૫.૪ કિલોમીટર છે.૨૦૧૪ થી, જયનગર-જનકપુર વચ્ચેની ટ્રેનોનું સંચાલન બંધ છે. નેપાળની નેરોગેજ ટ્રેનો ૨૦૧૪ સુધી ચાલતી હતી, પરંતુ ટ્રેનોની લાંબી મુસાફરીને કારણે કોલસાનો વપરાશ વધુ થતો હતો. કોલસાથી ચાલતી ટ્રેન ઘણી નાની હતી. જેના કારણે લોકો બારી-બારણા પર લટકીને મુસાફરી કરતા હતા. આવા જ અનેક કારણોસર ટ્રેન બંધ કરવામાં આવી હતી.ભારત અને નેપાળ વચ્ચે આ રેલ્વે લાઇનના નિર્માણમાં લગભગ ૮૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જ્યાં જયનગરથી બીજલપુરા અને બર્દીબાસ સુધીનો ૬૯.૦૮ કિમીનો પ્રોજેક્ટ હેઠળ પ્રથમ તબક્કામાં, ટ્રેનનું સંચાલન જયનગરથી જનકપુરધામ-કુર્થા સુધી શરૂ થઈ રહ્યું છે, જે લગભગ ૩૪.૯ કિલોમીટર લાંબો છે.હવે ભારતથી નેપાળ જવા માટે માત્ર ૧૨.૫૦ રૂપિયા લાગશે. જયનગરથી ઇનરવાનું ભાડું રૂ. ૧૨.૫૦, ખજુરીનું રૂ. ૧૫.૬૦, મહિનાથપુરનું રૂ. ૨૧.૮૭ છે. વૈદેહી જવા માટે રૂ.૨૮.૧૨૫, પરવાહા માટે રૂ.૩૪, જનકપુર જવા માટે રૂ. ૪૩.૭૫ અને કુર્થા જવા માટે રૂ.૫૬. ૨૫નો ખર્ચ થશે.

ભાજપના નેતાએ આઈએફએસ અધિકારીને લાફો મારતા જેલમાં મોકલવામાં આવ્યા

જયપુર,તા.૨

રાજસ્થાનમાં ભાજપના નેતા અને પૂર્વ ધારાસભ્ય ભવાની સિંહ રાજાવતને વન અધિકારીને થપ્પડ મારવા બદલ જેલમાં મોકલી દેવામાં આવ્યા છે.રાજાવત પર તેમની ઓફિસમાં આઈએફએસ અધિકારી રવિ મીણા ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટને થપ્પડ મારવાનો આરોપ છે.

હકીકતમાં કોટામાં એક મંદિર પાસે ચાલી રહેલ રોડ બનાવવાનું કામ અટકાવી દેવામાં આવ્યું હતું જેના કારણે ભવાની સિંહ રાજાવત વિરોધ કરી રહ્યાં હતાં જે બાદ તે વન વિભાગની ઓફિસે પહોંચ્યા અને ડેપ્યુટી કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ રવિ મીણાને કહેવાતી રીતે થપ્પડ મારી હતી.

થપ્પડ મારવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો જેના પછી વન વિભાગમાં હડકંપ મચી ગયો હતો અને પોલીસે ભાજપના નેતા અને પૂર્વ સંસદીય સચિવ ભવાની સિંહ રાજાવત વિરૂધ્ધ કેસ નોંધ્યો હતો અને તેમને આ મામલામાં જેલ મોકલી દેવામાં આવ્યા હતા.

આર્યન ખાન ડ્રગ્સ કેસના મુખ્ય સાક્ષી પ્રભાકરનું નિધન વકીલનો દાવો હાર્ટ એટેકના કારણે મૃત્યું થયું

મુંબઈ,તા.૨

કોર્ડેલિયા ક્રુઝ ડ્રગ કેસમાં એનસીબીના મુખ્ય સાક્ષી પ્રભાકર સેલનું અવસાન થયું છે.વકીલ તુષાર ખંડારે આ માહિતી આપી છે.ચેમ્બુરના માહુલ વિસ્તારમાં તેમના નિવાસસ્થાને હૃદયરોગના હુમલાથી તેમનું અવસાન થયું હતું આ કેસમાં બોલિવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાનને પણ આરોપી બનાવવામાં આવ્યો હતો.જો કે બાદમાં તેને જામીન પણ મળ્યા છે.પ્રભાકર સેલ એનસીબીના સાક્ષી કિરણ ગોસાવીનો બોર્ડીગાર્ડ હતો તેણે આરોપ લગાવ્યો કે ગોસાવીએ ક્રુઝ શિપ પર દરોડા પાડયા બાદ એક વ્યક્તિ પાસેથી ૫૦ લાખ રૂપિયા લીધા હતાં.સેલએ કહ્યું હતું કે હું કિરણ ગોસાવીના બોડીગાર્ડ તરીકે કામ કરતો હતો મેં તેને મુંબઈ ક્રુઝ ડ્રગ્સ કેસમાં મદદ કરી હતી જો કે એનસીપીએ કોર્ટમાં તેના સોગંદનામામાં સેઈલને પ્રતિકૂળ સાક્ષી તરીકે નામ આપ્યું હતું ગોસાવી વિરૂધ્ધ ૧૮ ઓકટોબરે કેસ નોંધવામાં આવ્યો હતો તે બોલીવુડ અભિનેતા શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાન પર ડ્રગ્સ ઓન ક્રુઝ કેસના સંબંધમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો ઓફિસમાં આરોપ લગાવતો જોવા મળ્યો હતો.૨ ઓકટોબર ૨૦૨૧ના રોજ દરિયાની મધ્યમાં ગોવા જઈ રહેલ કોર્ડેલિયા ક્રુઝ શિપ પર એનસીબીની ટીમ દ્વારા ડ્રગ્સની કથિત પાર્ટી પર્દાફાશ કરવામાં આવ્યો હતો આ કેસમાં અત્યાર સુધીમાં આર્યન સહિત કુલ ૨૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

પેટ્રોલના ભાવ વધતા કર્મચારી ઘોડા પર બેસી વિજળી બિલ વસુલવા નિકળ્યા

શિવહર,તા.૨

પેટ્રોલના સતત વધી રહેલ કીમતોએ લોકોને એ રીતે પરેશાન કરી રહ્યાં છે કે તે હવે પેટ્રોલ પર પૈસા ખર્ચ કરવાથી બચવા માટે નવા નવા પ્રકારની પધ્ધતિ અપનાવી રહ્યાં છે.આવું જ કંઇ બિહારના શિવહર જીલ્લામાં જોવા મળ્યું છે અહીં વિદ્યુત વિભાગના કર્મચારી અભિજીત તિવારી ઘોડા પર સવાર થઇ વિજળી બિલ વસુલતા જોવા મળ્યા કહેવાય છે કે પેટ્રોલની કીંમત એટલી વધી ગઇ છે કે સફર કરવું મુશ્કેલ છે તેમણે કહ્યું કે ઘોડાની અપેક્ષાએ પેટ્રોલ ખર્ચ બેગણો છે આથી તે ઘોડાની સવારી કરી રહ્યાં છે.શાહપુર નિવાસી અભિજીતે કહ્યું કે વધતા ભાવના કારણે બાઇક ચલાવવું મુશ્કેલ થઇ ગયું છે બજેટ પર પણ તેની અસર પડી રહી છે આથી તેમણે ઘોડાનો સવારો લીધો છે વિજળી બિલ વસુલવા માટે તે ઘોડાની પર જ જઇ રહ્યાં છે.અભિજીતની આ અનોખી પહેલ વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે.લોકો તેને પેટ્રોલની કીમતોમાં વધારાની સાઇડ ઇફેકટ ગણાવી રહ્યાં છે જયારે વિદ્યુત કર્મી અભિજીત તિવારી તેને સમજદારીની સવારી બતાવે છે

એ યાદ રહે કે આ પહેલા મહાષ્ટ્રના ઔરંગાબાદમાં પણ આવી જ ઘટના જોવા મળી હતી જયાં પેટ્રોલના ભાવ વધારાથી પરેશાન શેખ યુસુફે મોટરસાયકલ છોડી પોતાના ઘરેથી લગભગ ૧૫ કિલોમીટર દુર આવેલ પોતાના કાર્યસ્થળ પર ઘોડાથી જવાનું શરૂ કર્યુ હતું તેમણે કોવિડ ૧૯ના કારણે લાગુ કરવામાં આવેલ લોકડાઉન દરમિયાન આમ કરવાનું શરૂ કર્યું હતું યુસુફે કહ્યું કે લોકડાઉન બાદ ગેરેજ લાંબા સમય સુધી બંધ રહ્યું અને મોટર સાયકલની સારસંભાળ એક સમસ્યા બની ગઇ હતી આ ઉપરાંત પેટ્રોલના ભાવ પણ વધી રહ્યાં છે આથી મેં મારા વાહનને અલગ રાખી દીધુ અને એક કાઠિયાવાડી ઘોડો ખરીદ્યો હવે તેઓ ઘરેથી કાર્ય સ્થળ લગભગ ૩૦ કિલોમીટરનું અંતર ઘોડા પર કાપે છે અને ઘરની સામગ્રી લેવા અને પારિવારિક સમારોહમાં પણ ઘોડા પર બેસીને જ જાય છે.

ગુજરાતમાં ST બસનું ભાડું વધારવા અને સબસિડીના રૂ.૧૭૦૦ કરોડની ચૂકવણી કરવા કર્મચારી મહામંડળની માંગ

ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર વિભાગના કર્મચારીઓએ રાજ્ય સરકારના વલણ સામે નારાજગી દર્શાવતા મહત્વપૂર્ણ માંગ કરી છે. એસટી નિગમ કર્મચારી મહામંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે, હવે દિવસે ને દિવસે ડીઝલના ભાવ વધી રહ્યા છે, તેવામાં નિગમની બસોમાં ભાડું પણ વધારવામાં આવે.

મંડળે રજુઆત કરી છે કે, વર્ષ ૨૦૧૪માં GSRTCએ રાજ્ય સરકારના કહેવાથી બસનું ભાડું ઘટાડવામાં આવ્યું હતું. તે સમયે પેસેન્જર ટેક્સ ૧૭.૫ હતો જે ઘટાડીને ૭.૫ કરવામાં આવ્યો હતો. પરંતુ તે સમયે ડીઝલનો ભાવ ૫૭ રૂપિયા હતો, જોકે હવે ડીઝલના ભાવ રૂપિયા ૧૦૦ સુધી પહોંચ્યા છે. જેથી નિગમને મોટાપાયે આર્થિક નુકસાન થઈ રહ્યું છે. માત્ર એટલું જ નહીં પરંતુ નિગમે રાજ્ય સરકાર પાસે રૂપિયા ૧૭૦૦ કરોડની સબસિડી નીકળવાની રહે છે. જે રકમ એસટી નિગમને ચૂકવી આપવામાં આવે તેવી માંગ કરી છે.

આ ઉપરાંત એ પણ શંકા વ્યક્ત કરવામાં આવી છેકે,જો એસટી બસના ભાડામાં વધારો ન કરવામાં આવે તો આવનાર દિવસોમાં વધુ નુકસાન થઈ શકે છે. જેથી કર્મચારી મંડળ દ્વારા માંગ કરવામાં આવી છે કે, નિગમ દ્વારા ભાડુ વધારા માટેની દરખાસ્ત રાજ્ય સરકાર સમક્ષ કરવામાં આવે અને તે રાજ્ય સરકાર મંજૂર કરે. દિવસના દિવસે મોંઘવારી વધી રહી છે. ગુજરાતના એસટી બસ સ્ટેન્ડ પર ખર્ચ પણ વધારો થઇ રહ્યો છે. આ પરિસ્થિતિમાં નિગમની બસોનું સંચાલન કરવું પડકારજનક બાબત છે.

કર્મચારી મહામંડળ દ્વારા એ પણ વાત કરવામાં આવી છેકે, દેશના અલગ-અલગ રાજયમાં તેમના પરિવહન નિગમને રાજ્ય સરકાર સાથે સીધી રીતે ભેળવી દેવામાં આવ્યા છે. જેમાં પંજાબ, હરિયાણા, સિક્કિમ મિઝોરમ, અંદમાન નિકોબાર જેવા રાજયોનો સમાવેશ થાય છે. જ્યારે નિગમના કર્મચારીઓને મળવા પાત્ર લાભો અંગે માંગણી કરવામાં આવે છે ત્યારે તેમની સાથે ઓરમાયું વર્તન કરવામાં આવે છે, જેથી નિગમના કર્મચારીઓના પડતર પ્રશ્નોનો નિકાલ લાવવામાં આવે તેવી પણ

ભારત અને ઓસ્ટ્રેલિયાએ એક બીજા સાથે આર્થિક સહયોગ અને વેપાર અંગે કરાર કર્યા

નવીદિલ્હી,તા.૨

ભારત અને ઓસ્ટ્રેલિયાએ શનિવારે એક બીજા સાથે આર્થિક સહયોગ અને વેપાર અંગે કરાર કર્યા. બંને દેશો વચ્ચે આ કરાર પર હસ્તાક્ષર થયા. આ કરારથી બંને દેશોને ખુબ ફાયદો થશે. આ અવસરે પીએમ મોદીએ કહ્યું કે આપણી અર્થવ્યવસ્થાઓ વચ્ચે એકબીજાની જરૂરીયાતોને પૂરી કરવાની ખુબ ક્ષમતા છે. મને વિશ્વાસ છે કે આ કરારથી આપણે આ તકનો પૂરેપૂરો ફાયદો ઉઠાવી શકીશું. આ કરારના આધારે આપણે સાથે મળીને સપ્લાય ચેનનું લચીલાપણું વધારવા અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની સ્થિરતામાં પણ યોગદાન કરી શકીશું.

રિપોર્ટ્સ મુજબ પીએમ મોદીએ કહ્યું કે આટલા ઓછા સમયમાં આટલા મહત્વપૂર્ણ કરાર પર સહમતિ બની એ દર્શાવે છે કે બંને દેશો વચ્ચે કેટલો પરસ્પર વિશ્વાસ છે. આ અમારા દ્વિપક્ષીય સંબંધો માટે ખરેખર એક ઐતિહાસિક ક્ષણ છે. આ સંબંધ ભારત-ઓસ્ટ્રેલિયા મિત્રતાનો મહત્વપૂર્ણ સ્તંભ છે. આ કરાર આપણી વચ્ચે વિદ્યાર્થીઓ, પ્રોફેશનલ, અને પર્યટકોનું આદાન પ્રદાન સરળ બનાવશે. જેનાથી આ સંબંધ વધુ મજબૂત થશે. આ અવસરે કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે કહ્યું કે ભારત-ઓસ્ટ્રેલિયા નેચરલ પાર્ટનર છે જે લોકતંત્ર, કાયદાનું શાસન અને પારદર્શકતાના જોઈન્ટ મૂલ્યો સાથે જોડાયેલા છે. બે ભાઈઓની જેમ બે રાષ્ટ્રોએ મહામારીમાં એકબીજાને સાથ આપ્યો. તેમણે કહ્યું કે આગામી ૪-૫ વર્ષોમાં ભારતમાં ૧૦ લાખ રોજગારી પેદા થવાની આશા વ્યક્ત કરીએ છીએ. આવનારા સમયમાં ભારતીય શેફ અને યોગ ઈન્સ્ટ્રક્ટર્સ માટે નવી તકો ખુલશે. ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચ શૈક્ષણિક સંસ્થાનોના સહયોગ ઉપર પણ ચર્ચા થઈ. આ કરાર હેઠળ ઓસ્ટ્રેલિયા ટેક્સટાઈલ, ચામડું, આભૂષણ અને ખેલ ઉત્પાદનો સહિત ૯૫ ટકાથી વધુ ભારતીય વસ્તુઓ માટે પોતાના બજારમાં શુલ્ક મુક્ત પહોંચ પ્રદાન કરશે.

આમ આદમી પાર્ટી હિમાચલમાં સફળ થશે નહીં : વિપક્ષના નેતા મુકેશ અગ્નિહોત્રી

શિમલા,તા.૨

હિમાચલ પ્રદેશ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા મુકેશ અગ્નિહોત્રીનું કહેવુ છે કે રાજયમાં ત્રીજા પક્ષ માટે કોઇ સ્કોપ જ નતી મીડિયા સાથે વાત કરતા અગ્નિહોત્રીએ કહ્યું કે રાજયમાં બે પરંપરાગત પક્ષો વચ્ચે જ ધ્રુવીકરણની સ્તિતિ રહે છે જોકે તેમણે કોંગ્રેસ કાર્યકર્તાઓને અપીલ કરી કે તે જમીન પર કામ કરવા પર ધ્યાન આપે જેથી ભાજપને સક્ષ્ન જવાબ આપી શકાય. તેમણે કહ્યું કે ભાજપ સરકાર પહેલા જ બેકફુટ પર છે.પેટાચુંટણીમાં આપણે મોટી જીત હાંસલ કરી છે અને હવે તે વાતાવરણને બનાવી રાખવાની જરૂર છે.તેમણે કહ્યું કે હકીકતમાં ભાજપે ત્રીજા પક્ષની એન્ટ્રીની વાતો તેજ કરી દીધી છે જેથી તેને મત કપાતા લાભ મળી શકે એ યાદ રહે કે પંજાબમાં મોટી જીત હાંસલ કર્યા બાદથી આમ આદમી પાર્ટી હિમાચલ પ્રદેશ પર ફોકસ કરી રહી છે છ એપ્રિલે કેજરીવાલ અને ભગવંત માનની

મંડી જીલ્લામાં યોજાનાર રેલીની આપ દ્વારા તૈયારીઓ ચાલી રહી છે. અગ્નિહોત્રીએ કહ્યું કે મુખ્યમંત્રી જયરામ ઠાકુરે મંડી જીલ્લાને એકપોર્ટ આપવાની વાત કરી હતી પરંતુ તેમનો પ્રોજેક્ટ નિષ્ફળ ગયો છે આ ઉપરાંત ઉના હમીરપુર રેલ લાઇનનું અનુરાગ ઠાકુરનું પણ સપનુ પુરૂ થયું નથી તેમણે કહ્યું કે સરકારનો ફોકસ વિકાસથી વધુ મંત્રીઓ અને અધિકારીઓ માટે સુવિધા આપવાની છે.અગ્નિહોત્રીએ કહ્યું કે નોકરશાહો અને મંત્રીઓ માટે મોંઘી કાર ખરીદવામાં આવી છે આ ઉપરાંત કોઇ પણ પારદર્શિતા વિના મુખ્યમંત્રી માટે હેલિકોપ્ટર ખરીદવામાં આવ્યું છે.તેમણે કહ્યું કે રાજયમાં માફિયા રાજ ચાલી રહ્યું છે સતત ચોથુ વર્ષ એવું પસાર થયું છે જયારે શરાબના વેંડરની હરાજી થઇ નથી તેને કારણે સરકારના ખજાનામાં ૧ હજાર કરોડ રૂપિયાનું નુકસાન ઉઠાવવું પડયું છે તેને કારણે શરાબનો સમાનાંતર કારોબાર ચાલી રહ્યો છે એટલું જ નહીં ઉનામાં ગ્રીન ટ્રાઇબ્યુનલની સલાહ બાદ પણ ખનન માફિયા પહેલાની જેમ સક્રિય છે.

વસુંધરા રાજને કેન્દ્ર સરકારમાં સામેલ કરાશેરાજસ્થાનમાં આગામી ચુંટણી થતા પહેલા ભાજપનો નવો ચહેરો સામે આવી શકે છે

જયપુર,તા.૨

રાજસ્થાનમાં આગામી વર્ષ ચુંટણી પહેલા રાજયમાં ભાજપ કોઇ નવા ચહેરાને સામે લાવી શકે છે.સુત્રોના જણાવ્યા અનુસાર ભાજપ પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ નેતા વસુંધરા રાજે સિંધિયાને કેન્દ્ર સરકારમાં સામેલ કરવા પર વિચાર કરી રહી છે જેથી રાજયમાં નવા નેતૃત્વનો માર્ગ ખુલી શકે છે સુત્રોના જણાવ્યા અનુસાર તાજેતરમાં રાજે દિલ્હી યાત્રા કરી હતી અને આ બાબતે તેમની સાથે ચર્ચા પણ કરાઇ હતી.

સુત્રોના જણાવ્યા અનુસાર અશોક ગહલોતના નેતૃત્વવાળી કોંગ્રેસની વિરૂધ્ધ એક મજબુત ટીમ ઉભી કરવા માટે વિધાનસભા ચુંટણી પહેલા ભાજપ પ્રદેશ નેતૃત્વને પુરી રીતે બદલવા ઇચ્છે છે.ભાજપના એક વરિષ્ઠ નેતાએ કહ્યું કે પાર્ટીએ ૨૦૨૩માં યોજાનાર વિધાનસભા ચુંટણીમાં મુખ્યમંત્રીના ચહેરા વિના ચુંટણી લડવાનો નિર્ણય કર્યો છે.તેમણે કહ્યું કે આગામી વર્ષ યોજાનાર ચુંટણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામે જ લડવામા આવશે

ભાજપના વરિષ્ઠ નેતાએ કહ્યું કે જો મુખ્યમંત્રીનો ચહેરો જાહેર નહીં કરવામાં આવે તો એ વાતની કોઇ ગેરંટી નથી કે વસુંધરાજેને મુખ્યમંત્રી બનાવવામાં આવશે આવા પ્રસંગ પર તે ફકત એ કરી શકે છે કે કેન્દ્રમાં તેમને જે પણ જગ્યા મળે તેનો સ્વીકાર કરે અને પોતાના પુત્રનું રાજનીતિક ભવિષ્ય સુરક્ષિત કરે પાર્ટીને એ પણ લાગે છે કે રાજેને કેન્દ્રમાં મોકલી દેવાથી પાર્ટી રાજયના નેતાઓના આંતરિક અંતર્કલહ પર અંકુશ લગાવી કોંગ્રેસને હરાવવા પર ધ્યાન કેન્દ્રીત કરી શકશે સવાઇ માધોપુરમાં એસટી મોરચા દ્વારા આયોજીત સમેલનમાં ભાગ લેવા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા આવ્યા હતાં.ભાજપ પૂર્વી રાજસ્થાન અને તેમના વિસ્તારમાં સારો પ્રભાવવાળા આદિવાસી મતદારો પર ફોકસ કરી રહી છે. એ યાદ રહે કે રાજસ્થાનમાં ૨૦૦ વિધાનસભા બેઠકો છે.

તંત્રી લેખ

દેશહિતની કૂટનીતિ

છેલ્લા થોડા દિવસોથી નવી દિલ્હીમાં વિદેશી હસ્તીઓની લાઈન લાગી છે, જે ભારતની વધતી મહત્તાનું સૂચક છે. છેલ્લા દસ દિવસમાં કદાચ જ કોઈ દિવસ એવો ગયો હશે, જ્યારે કોઈ વિદેશી રાજદ્વારી ભારત ન આવ્યા હોય. તેમાં જાપાનના વડાપ્રધાનથી માંડીને ઓસ્ટ્રેલિયા, ગ્રીસ, ઓમાન, બ્રિટન, ચીન, મેક્સિકોના વિદેશ મંત્રી અને જર્મની, યુરોપીય સંઘના વિશેષ પ્રતિનિધિ અને અમેરિકાના ઉપરાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સુદ્ધાં સામેલ છે. આ બધા વચ્ચે ભારતીય વડાપ્રધાન મોદીની ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સાથે વર્ચ્યુઅલ વાત પણ થઈ છે. રશિયાના વિદેશ મંત્રી બાદ નેપાળના વડાપ્રધાન પણ ભારત આવવાના છે. ઈઝરાયલી વડાપ્રધાને પણ ભારત આવાનું હતું, પરંતુ તેઓ કોરોના ગ્રસ્ત થઈ જવાને કારણે તેમની યાત્રા ટળી ગઈ. આ દરમ્યાન ભારતીય વિદેશ મંત્રી માલદીવ અને શ્રીલંકા ગયા, ત્યાં જ વડાપ્રધાન મોદીએ બિમ્સટેક દેશોના શિખર સંમેલનને સંબોધિત કર્યું. આ એ ક્ષેત્રીય સહયોગ સંગઠન છે, જેના માધ્યમથી એ ખામીને દૂર કરી શકાય છે, જે દક્ષેસ સંગઠન નિષ્પ્રભાવી હોવાને કારણે જોવા મળી રહી હતી. એ પણ ધ્યાન રહે કે યુક્રેન સંકટ દરમ્યાન જ ભારતની સદસ્યતાવાળા ક્વોડ દેશોના સત્તાધીશોમાં પણ સંવાદ થયો છે.

તેના પહેલાં એવા કોઈ કાળખંડ યાદ આવવો કઠિન છે, જ્યારે ભારત વિશ્વના મુખ્ય દેશોના કેન્દ્રમાં આ પ્રકારનો આવ્યો હશે. આ સ્થિતિ એટલા માટે બની, કારણે આજે દરેક દેશ એ સમજી રહ્યો છે કે ભારત એક ઊભરતી શક્તિ છે અને તેની સાથે સહયોગ-સંપર્ક રાખવો જરૂરી છે. ભારતના આ આંતરરાષ્ટ્રીય મહત્ત્વ પાછળ ભારતીય વડાપ્રધાનની એ કૂટનીતિક સક્રિયતા છે, જે તેમણે છેલ્લાં સાત-આઠ વર્ષમાં અને ત્યાં સુધી કે કોરોના કાળમાં પણ અપનાવી. એ સહજ રીતે સમજી શકાય છે કે ભારત કેન્દ્રિત કૂટનીતિક સક્રિયતાનું એક મોટું કારણ યુક્રેન સંકટ છે. આ સંકટનું સમાધાન ચાહે જે રૂપે થાય, એ નક્કી છે કે વિશ્વ વ્યવસ્થામાં બદલાવ થવા જઈ રહ્યો છે અને તેમાં ભારતની એક મોટી ભૂમિકા હશે તે નક્કી છે. આ જ કારણે જ્યાં કેટલાય પશ્ચિમી દેશો યુક્રેન મામલે ભારતને પોતાના પક્ષમાં ખેંચવાની કોશિશ કરી રહ્યા છે, ત્યાં જ કેટલાક ભારત પાસેથી એ જાણવા માંગે છે કે રશિયા પર લગાવાયેલા પ્રતિબંધોની અસરનો સામનો કેવી રીતે કરવો? યુક્રેન સંકટને લઈને ભારતે જે રીતે કોઈપણ પક્ષમાં ઊભા રહેવાને બદલે પોતાના હિતોને જ સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની પોતાની નીતિને રેખાંકિત કરી છે, તેના પર તેણે અડગ રહેવું જોઈએ, બલ્કે તેના માટે સક્રિય પણ થવું જોઈએ કે રશિયા અને યુક્રેન વચ્ચે કોઈ સમજૂતી કઈ રીતે થાય?

એષા ખુલ્લી કિતાબ- પ્રકરણ ૨

કૂદકફૂદક પતંગિયા જેવી સતત ઊડતી રહેતી એષાને પણ બેસવા એક નાની ડાળની જ તો જરુર હતી!

બસ રિવા આ ડાળ બની ગઈ. ધીરે ધીરે એષાની વાતો સાંભળીને તો રિવા એની કૉલેજના સહાધ્યાયીઓ-પ્રોફેસરો અને ખ્યૂન સુધ્ધાને નામ અને ગુણધર્મ સાથે ઓળખતી થઈ ગઈ. ફરી એકવાર આ ગુણધર્મ ક્યાં યાદ આવ્યો?

પણ એષાની આદત જ હતી દરેક વ્યકિત સાથે એના ફિઝિક્સ કેમેસ્ટ્રીના મૂળભૂત પાયાના ગુણધર્મોને જોડી દેવાની.

એ સમયે સાયન્સનાં પ્રથમ વર્ષને પ્રિ-મેડિકલ કહેવાતું.આગળ જતા મેડિકલ અને મેડિકલમાં એડમિશન ન મળે તો પછી કૉલેજનાં બીજા વર્ષથી જુદા જુદા ક્ષેત્રમાં ફાંટા ફંટાઈ જતા. એષાએ પણ મેડિકલ ન મળે તો પેરા મેડિકલ એવા માઈક્રોબાયોલોજીમાં આગળ વધવાનું નક્કી કર્યું. મિજાજ થોડો સ્વતંત્રતો ખરો જ એટલે કેટલાક નિર્ણયો જાતે જ લેવાની પ્રકૃતિ પણ ખરી જ.

બીજી એક ખાસ પ્રકૃતિ એષાની એ પણ ખરી, એને સૌ પોતાના જ લાગતાં. જ્યારે જેને મળે એ પણ પોતાના પરિવારની વ્યકિત હોય એટલી સરળતાથી એને સ્વીકારી જ લેતી. કદાચ નાનપણથી સંયુક્ત કુટુંબમાં રહેલો સ્વભાવ બીજા જોડે સરળતાથી સંયોજન ઊભો કરવામાં કામ લાગતો. દિવસ ઓછો પડતો હોય એમ રાત્રે રિવા સાથે વાંચતા પહેલાં આખા દિવસની સવિસ્તાર વાતો પૂરા રસથી કરવાનો તો હવે એક ક્રમ થઈ ગયો હતો. રિવા આર્ટ્સમાં અને પોતે સાયન્સમાં,પ્રકૃતિ ભિન્ન અને ભણતર પણ ભિન્ન, પણ બંને વચ્ચેનાં તાદાત્મ્યનાં ચણતરમાં તો એ પણ ક્યાંય નડયું નહીં.

એષાના 'અનિકેત'ના ઘરમાં હવે ધીમે ધીમે એક પછી એક નવા સદ્દશ્યના ઉમેરા થતા હતા. મોટા ઈલેશભાઈનું લગ્ન પતી જતા હવે ઘરમાં એષાના લગ્ન માટેની થોડી હળવી હલચલ ચાલુ થઈ જ ગઈ હતી. સામાજિક રીતરસમ કે બંધનોથી અકળાતી એષા માટે વળી પાછી એક નવી સમસ્યા હતી. માઈક્રોબાયોલોજી પૂરું કર્યા પછી પોતે પૅથૉલૉજીમાં જવા માંગે એવુ એને સ્પષ્ટ જણાવી દીધું હતું. ઘરના જ બિઝનેસમાં રચ્યા પચ્યા રહેતા તમામ વડીલો કે ભાઈઓને ડીગ્રી સાથે કોઈ લેવાદેવા ન હતી.પણ એષાના આ નિર્ણયને લીધે મોટાઈને હવે એષાના લગ્ન માટે યોગ્ય મુરતિયાની શોધનું સુકાન બદલવું પડ્યું.ચાલો! આ એક વાત તો સારી થઈ. એષા મનમાં વિચારતી કે હાલ પૂરતું તો હવે કોઈ પોતાને છંછેડશે નહી અને પૅથૉલૉજીમાં આગળ વધવાની મોકળાશ મળશે. મનથી થોડી હાંશ થતાં વળી પાછા પોતાના અસલ સ્વભાવની મસ્તીમાં એ આવવા માંડી. નવી દિશા, નવી કૉલેજ, નવી ઓળખાણ અને વળી બીજા નવા સંબધો. એમાં એષાને ક્યાં વાર લાગવાની હતી? 'વસુધૈવ કુટુંબકમ'ની માફક એનું પોતાનું મિત્ર જગત વિસ્તરતું જતું હતું પણ આ વસુધાની ધરી કહો કે કેન્દ્ર બિંદુ કહો હજુ તો રિવા જ હતી.સાંજ પડતા બંગલાના ઝાંપે રિવાના નામની બૂમ પડી ''આજે તો કૉલેજમાં મૂડ નહોતો એટલે હું પિકચર જોઈ આવી.''

આમ તો સામાન્ય રીતે રિવા-એષા સાથે જ પિકચરમાં જતા એટલે આ વળી નવી વાત સાંભળીને રિવાને નવાઈ તો લાગી જ. એષા અને પિકચર, અને તે પણ સાવ એકલી? ગજબ છોકરી છે ને આ! થિયેટરમાં તો વળી કોઇ એકલું પિકચર જોવા જતું હશે? અને તે પણ એકલી છોકરી? થોડું હસવુ પણ આવી ગયું અને થોડી ખીજ પણ ચઢી રિવાને.

એમાં શું થઇ ગયું? મને ખબર હતી કે તારે કૉલેજના એન્યુઅલ ડે માટેના ફંકશનની પ્રેક્ટિસ હશે એટલે તમે તો મારી સાથે પધારશો નહીં અને મારે વળી ક્યાં ત્યાં કોઈની સાથે વાત કરવાની હતી? બોલનાર તો બોલતા હોય મારે તો સાંભળવાનું ને જોવાનું જ હતું ને? એષા આવ અલ્લડતાથી જવાબ આપતી. જો કે હવે ઘરમાં પણ બોલનારા બોલવા માંડ્યા હતાં, એષાએ તો ફક્ત સાંભવવાનું જ હતું. મોટાઈએ છોકરો પસંદ કરી લીધો હતો. વિરસદનો ડૉ. રોહીત.

માઈક્રોબાયોલોજી કરતી એશા માટે હવે જો ડૉકટર છોકરો મળતો હોય તો લાંબુ વિચારવાની ક્યાં જરુર હતી? સ્વીકારી લીધો એષાએ મોટાઈનો આ નિર્ણય પણ. ક્યારેક તો ખીલે બંધાવાનું જ હતું ને? તો પછી આનાકાની ને ક્યાં સ્થાન આપવું? ખાલી એક વાત કઠતી-ક્યાં મુંબઈ, ક્યાં અમદાવાદ, અને ક્યાં હવે લગ્ન પછી વિરસદ?

તો શું થઇ ગયું? છોકરો ડૉકટર છે એટલે ગમે ત્યારે પોતાની પ્રેક્ટિસ કરશે અને ચાલશે એટલે વિરસદમાંથી બહાર જ આવશેને? છોકરી માટે ઘર જોવાય, વર જોવાય, કોઈ ગામ જોવા બેસવાનું તો ના હોય ને? તારા મોટાઈ ક્યા ગામના હતા તેની આજે કોઇને ખબરે છે? મોટાઈના આ એક આદેશ સમાન વાક્યથી વાત પતી ગઈ. એષાની મરજી પૂછવાની પણ નહીં ? ના વાત પતી જતી નહોતી, વાત પતાવી દેવાની હતી. વળી પાછું એષા મનથી વિચારતી મોટાઈ-મોટીબેન બધાનું સારું અને વ્યવસ્થિત જ વિચારે છે ને! અને વાત ક્યાં ખોટી છે? ડૉકટર છે, જનરલ સર્જન છે એટલે કંઈ વિરસદમાં તો નહીં જ રહે ને? બંડખોર એષાએ પોતાના બંડ મનમાં જ સમાવી લીધું. મોટાઈએ જે સૂચવ્યું તે સ્વીકારી લીધું પણ આગળ-પાછળ નાની નાની વાતમાં તો અકળામણ ઠલવાઈ જતી.

આલેખન
રાજુલ કૌશિક

કોરોના પછી ઝીકા અને ડેન્ગ્યુ આગામી મહામારી લાવી શકે છે : ડબ્લ્યુએચઓ

નવીદિલ્હી,તા.૨

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનએ ચેતવણી આપી છે કે આગામી રોગચાળો ઝીકા અને ડેન્ગ્યુ સહિત અન્ય જંતુ જન્ય રોગાણુઓ દ્વારા થઇ શકે છે ડેન્ગ્યુ તાવ ચિકનગુનિયા અને ઝિકા વાયરસ જેવા આથ્રોપોડ જન્મેલા વાયરસ(એર્બોવાયરસ) હાલમાં ઉષ્ણકટિબંધીય અને ઉપ ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં રહેતા આશરે ૩.૯ અબજ લોકો માટે આરોગ્ય માટે જોખમી છે આ આર્બોવાયરસના પ્રકોપની આવર્તન અને તીવ્રતા ખાસ કરીને એડીસ મચ્છર દ્વારા પ્રસારિત થતા આર્બોવાયરસ વિશ્વભરમાં વધી રહ્યાં છે.ડબ્લ્યુએચઓ મુજબ ડેન્ગ્યુ તાવ ૧૩૦ દેશોમાં વાર્ષિક ૩૯૦ મિલિયન લોકોને ચેપ લગાડે છે આ ડેન્ગ્યુ તાવ આ દેશોમાં સ્થાનિક છે જ્યારે ૨૦૧૬માં જંગલી રીતે ફેલાતો ઝિકા વાયરસ માઈક્રોએન્સેફલી જેવી જન્મજાત ખામીઓનું કારણ હોવાનું જણાયું હતું ઓછામાં ઓછા ૮૯ દેશોમાં તેની હાજરી જોવા મળી હતી.

પીળો તાવ ૪૦ દેશોમાં ફેલાવાનું ઉચ્ચ જોખમ ધરાવે છે અને તે કમળાનું કારણ બને છે અને ડેન્ગ્યુની જેમ ગંભીર હેમરેજિક તાવ અને મૃત્યુનું કારણ બને છે ચિકનગુનિયા ઓછા જાણીતા હોવા છતાં તે ૧૧૫ દેશોમાં હાજર છે અને ગંભીર અશ્રમ સંધિવાનું કારણ બને છે એક રિપોર્ટ અનુસાર ડબ્લ્યુએચઓએ કહ્યું છે કે એવા ઘણા સંકેતો છે કે આ બીમારીઓથી ખતરો વધી રહ્યો છે.

કેજરીવાલ અને ભગવંત માને ગાંધી આશ્રમમાં બાપુના ફોટાને સુતરની આંટી ચઢાવી

અમદાવાદ,તા.૨

પંજાબ બાદ આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં આ વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભા ચુંટણીને લઈને તૈયારીઓ શરૂ કરી દીધી છે અને આજથી દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ બે દિવસના ગુજરાત પ્રવાસે આવી પહોંચ્યા છે તેમની સાથે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પણ સામેલ થયા છે.કેજરીવાલ અને માને આજે અહીં ગાંધી આશ્રમમાં બાપુના ફોટાને સુતરની આંટી ચઢાવી હતી અને મહાત્મા ગાંધીજીને શ્રધ્ધાંજલિ અર્પી હતી અને ગાંધી આશ્રમમાં રસોઇ ધરની મુલાકાત પણ લીધી હતી.કેજરીવાલ અને માને ગાંધીજીનો ચરખો ચલાવ્યો હતો.બંન્ને મુખ્યમંત્રીઓએ આશ્રમની બુકમાં સંદેશો લખ્યો હતો ગાંધી આશ્રમ દ્વારા કેજરીવાલને ચરખો અને અન્ય વસ્તુઓ આપવામાં આવી હતી ભગવંત માનને પણ ફોટો અને ચરખો આપવામાં આવ્યો હતો.ભગવંત માને કહ્યું હતું કે ગાંધી આશ્રમ આવી ખુબ જ સારૂ લાગ્યું જે દેશમાં ગાંધી જન્મ્યા તે દેશમાં જમ્યો છું મુખ્યમંત્રી બન્યા બાદ પ્રથમ વખત આવ્યો છું.

કેલિફોર્નિયામાં આંતરરાષ્ટ્રીય કળા મહોત્સવ 'જૂઈ- મેળો ' ૨૦૨૨ ની શાનદાર ઉજવણી

વિશ્વભારતી સંસ્થાન ,અમદાવાદ(ગુજરાત ,ભારત)દ્વારા તારીખ ૨૬ માર્ચ ૨૦૨૨ શનિવારે કેલિફોર્નિયામાં ભારતીય સ્ત્રી સાહિત્યકારો અને કલાકારો માટેના આંતરરાષ્ટ્રીય સાહિત્ય અને કલા મહોત્સવ 'જૂઈ- મેળો ' ૨૦૨૨ નું શાનદાર અને સફળ આયોજન થયું હતું .વિશ્વભારતી સંસ્થાન અમદાવાદ ,શિક્ષણ,સેવા,કલા,સાહિત્ય,પર્યાવરણ અને સંશોધનને વરેલું ટ્રસ્ટ છે.૨૦૧૮ થી ડો.ઉષાબહેન ઉપાધ્યાયનાં માર્ગદર્શન હેઠળ આ ટ્રસ્ટ નારીચેતના અને નારીની સર્જનાત્મક શક્તિને ઉજાગર કરવા અનેક કાર્યક્રમ ભારત અને વિશ્વમાં કરી રહ્યું છે. સુવિખ્યાત કવયિત્રી અને 'જૂઈ- મેળો ' ના સ્થાપક ડૉ.ઉષા ઉપાધ્યાયના માર્ગદર્શન નીચે વિશ્વભારતી સંસ્થાન દર વર્ષે માર્ચ મહિનામાં 'જૂઈ- મેળો 'નું વાર્ષિક સંમેલન યોજે છે .અમદાવાદ ,ભાવનગર અને દિલ્હીમાં રાષ્ટ્રીય કક્ષાએ સફળ સંમેલનો યોજયા પછી તાજેતરમાં અમેરિકામાં કેલિફોર્નિયાના મિલપિટાસમાં આંતરરાષ્ટ્રીય સ્તરે 'જૂઈ- મેળો 'ના વાર્ષિક સંમેલનનું આયોજન થયું હતું .મિલપિટાસમાં આઈ. સી.સી. સેન્ટરના સભાગૃહમાં યોજાયેલા આ કાર્યક્રમની ઉદ્ઘાટન બેઠકના આરંભે જિગીષા પંડ્યાએ મહેમાનોનું ભાવપૂર્વક સ્વાગત કર્યું હતું .ત્યાર બાદ વિશ્વવિખ્યાત હિન્દી સાહિત્યકાર શ્રી ચિત્રા મુગદલજીએ ' જૂઈ - મેળો ' ને આંતરરાષ્ટ્રીય ફલક પર લઈ જવા માટે પાઠવેલા પ્રેરણાત્મક શુભેચ્છા સંદેશ તથા અન્ય મહાનુભાવોએ પાઠવેલા શુભેચ્છા સંદેશની રજૂઆત થઈ હતી. 'જૂઈ- મેળો'ના સ્થાપક કવયિત્રી ઉષા ઉપાધ્યાયે એમના વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે સાહિત્ય, કલા અને સંસ્કૃતિના વિકાસમાં આરંભથી જ સ્ત્રીઓનું ખૂબ મહત્વપૂર્ણ પ્રદાન રહ્યું છે, પરંતુ ઇતિહાસમાં એની યોગ્ય નોંધ લેવાઈ નથી. આ સ્થિતિમાં ભારતીય સ્ત્રી સાહિત્યકારો અને કલાકારોની ઉત્કૃષ્ટ કલાને સમાજ સુધી પહોંચાડવા તથા નવોદિતોને પ્રેરણા મળે એ હેતુથી દર વર્ષે માર્ચ મહિનામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે 'જૂઈ- મેળો' યોજાય છે. આ સંમેલનનું ઉદ્ઘાટન હિન્દી ભાષાના વિશ્વ વિખ્યાત ડાયસ્પોરા લેખિકા અને જ્યોતિષાચાર્ય ડૉ. અનિતા કપૂરે કર્યું હતું .એમણે ભારતીય લેખિકાઓના સાહિત્યને એક મંચ ઉપર પ્રસ્તુત કરતા આ કાર્યક્રમની પ્રશંશા કરી હતી અને શુભેચ્છા પાઠવી હતી. ઉદ્ઘાટન બેઠકમાં અતિથિ વિશેષ તરીકે કેલિફોર્નિયાની સેનેટના સેનેટર શ્રી બોબ, કેલિફોર્નિયા લેજિસ્લેટિવ એસેમ્બલીના સદસ્ય શ્રી એલેક્સ લી, ફ્રીમોન્ટના નાયબ મેયર ડૉ.રાજ સલવાન, જી.સી.એ.ના પ્રેસિડેન્ટ શ્રી મહેશ પટેલ, હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન,યુ.એસ.એ.ના પ્રેસિડેન્ટ શ્રી કિરીટ શાહ ઉપસ્થિત રહ્યા હતા. ઉષાબહેને તેમનું સ્વાગત કરીને સન્માન્યા હતા.મહેમાનોએ એમના પ્રાસંગિક વક્તવ્યમાં મહિલા સશક્તિકરણ, ભારતીય કળા, સંસ્કૃતિ અને ભારતીય ભાષાઓની જાળવણી તેમજ વિકાસ માટે વિશ્વભારતી સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિઓની પ્રશંશા કરી હતી . એમણે પોતાનાં વક્તવ્યોમાં 'જૂઈ- મેળો' ના આયોજનથી ઉષાબહેને મહિલા સશક્તિકરણ માટે કરેલાં ખૂબ સુંદર કાર્યની સમાજમાં નોંધ લેવાઈ છે તેમજ લોકો તેને આજે અને આવતી કાલે પણ યાદ રાખશે તેમ કહ્યું હતું. કલા અને સાહિત્યની આ પ્રવૃત્તિ સમાજ અને સંસ્કૃતિની જાળવણી માટે ખૂબ જરૂરી છે તેમ પણ એમણે જણાવ્યું હતું.એમણે કેલિફોર્નિયામાં ભારતીય સ્ત્રી સાહિત્યકારો તથા કલાકારોને એક સમન્વિત મંચ પૂરો પાડતા 'ઇન્ટરનેશનલ લિટરેચર ફેસ્ટિવલ ફોર વુમન :'જૂઈ- મેળો' ૨૦૨૨ના શાનદાર આયોજન કરવા માટે વિશ્વભારતી સંસ્થાનને અભિનંદન આપીને કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી. ઉદ્ઘાટન સત્રમાં કેલિફોર્નિયાની સેનેટના સદસ્ય શ્રી બોબ વિકોન્સિવ તથા કેલિફોર્નિયા લેજિસ્લેટિવ એસેમ્બલીના સદસ્ય શ્રી એલેક્સ લીએ ભારતીય સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે ડૉ.ઉષા ઉપાધ્યાયે આપેલી સુદીર્ઘ સેવા અને મૂલ્યવાન પ્રદાનને બિરદાવીને એમને સન્માનપત્ર એનાયત કરી એમનું સન્માન કર્યું હતું. ત્યાર બાદ વિશ્વભારતી સંસ્થાન દ્વારા બે એરિયાના પ્રસિદ્ધ સ્વરકાર અને ગાયક કલાકારો સર્વશ્રી દર્શના ભુતા શુક્લ, અસીમ મહેતા, માધવી મહેતા ,અચલ અંજારિયા , આનલ અંજારિયા અને હેતલ જાગીરદાર બ્રહ્મભટ્ટ, સાહિત્યકાર પ્રજ્ઞા દાદભાવાલા અને જિગીશા પટેલ, કળાસંવર્ધકો અને ગુજરાતી સમાજના અગ્રણીઓ સર્વશ્રી ઉર્વશીબહેન અને સુરેશભાઈ પટેલ, મનીષાબહેન પ્રતાપભાઈ પંડ્યા,મહેશ પટેલ, રાજ દેસાઈ ,સ્મિતાબહેન અને કિરીટભાઈ શાહ, જયશ્રી ભક્તા,જાગૃતિ દેસાઈ તથા તેજસ્વી વિદ્યાર્થિની વૈશાલી ગૌરવ શાહનું સન્માનપત્ર અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.

બીજી બેઠક બહુભાષી કવયિત્રી સંમેલનમાં બે એરિયામાં વસતા હિન્દી કવયિત્રીઓ ડૉ. અનિતા કપૂર, મંજુ મિશ્ર ડૉ.અર્ચના પાંડા તથા શોનાલી શ્રીવાસ્તવ ; મરાઠી કવયિત્રી ડૉ.અનિતા કાન્ત ,અંગ્રેજી કવયિત્રી અલ્પા શાહ તથા ગુજરાતી કવયિત્રીઓ સપના વિજાપુરા, દર્શના વરિયા નાડકર્ણી ,પ્રજ્ઞા દાદભાવાલા ,અને જિગીશા પટેલે કાવ્યપઠન કર્યું હતું. આ ઉપરાંત ભારતી વોરાએ બ્રિટનથી, દેવિકા ધ્રુવે હ્યુસ્ટનથી તેમજ સંસ્કૃત ભાષાના કવયિત્રી ડૉ. રીતા ત્રિવેદીએ સુરતથી ઓનલાઈન કાવ્યપઠન કર્યું હતું. આ કવયિત્રીઓએ પોતપોતાનાં આગવા અંદાજમાં કાવ્યપઠન કરી ભારતની વિવિધ ભાષાઓને અમેરિકામાં જીવંત રીતે પ્રત્યક્ષ કરી આપી હતી.

લલિત કલાઓના સમન્વિત મંચ 'જૂઈ- મેળો' ની અંતિમ બેઠક સંગીતની પ્રસ્તુતિની હતી.આ બેઠકમાં સુપ્રસિદ્ધ સ્વરકાર અને બેએરિયાની કોકિલકંઠી ગાયિકા આનલ અંજારિયા, નવોદિત કલાકારો આરુષિ અંજારિયા અને શ્રાવ્યા અંજારિયા તેમજ યુવા ગાયિકા વાગ્મી કચ્છીએ પન્ના નાયક ,મેઘલતા મહેતા, ઉષા ઉપાધ્યાય અને લક્ષ્મી ડોબરિયાની કવિતાઓની સુમધુર પ્રસ્તુતિ કરી હતી અને સુંદર ગીતોથી વાતાવરણને સંગીતસભર કરી દીધું હતું.

આ આંતરરાષ્ટ્રીય કળા મહોત્સવની સફળતા માટે અમેરિકાના જુદાજુદા રાજયોની વિવિધ ગુજરાતી સંસ્થાઓએ શુભેચ્છા પાઠવી હતી.સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન સુપ્રસિદ્ધ સ્વરકાર અને ગાયક શ્રીમતી આનલ અંજારિયાએ કર્યુ હતું .વિશ્વભારતી સંસ્થાનનાં સેક્રેટરી કૌશલ ઉપાધ્યાયે સમગ્ર કાર્યક્રમનાં આયોજનનો કાર્યભાર સુપેરે સંભાળ્યો હતો.કાર્યક્રમનું ટેકનિકલ સંચાલન શ્રી અચલ અંજારિયા અને શ્રી નિમેષ અનારકટે સંભાળ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સર્વશ્રી મનીષાબહેન પ્રતાપભાઈ પંડ્યા ,ઉર્વશીબહેન સુરેશભાઈ પટેલ, કિરીટભાઈ શાહ ,રાજ દેસાઈ, મહેશ પટેલ તથા જિગીષાબહેન પટેલે ઉમદા સહાય કરી હતી. આ સૌના સહયોગ તથા અનેક નામી-અનામી સાહિત્યરસિકોના ઉમદા સહયોગથી કાર્યક્રમ યાદગાર બન્યો હતો. અમેરિકાના કેલિફોર્નિયા સ્ટેટના બે એરિયામાં વસતા ભારતીય સાહિત્યકારો, સંગીતકારો તથા અનેક કલારસિકોની ઉત્સાહપૂર્ણ હાજરી વચ્ચે ઉલ્લાસભર્યા વાતાવરણમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો.

ડાબેથી સર્વ શ્રી કિરીટ શાહ, ડૉ.અનિતા કપૂર, ડૉ. ઉષા ઉપાધ્યાય, મિ.બોબ વિકોવસ્કી, મિ.એલેક્સ લી,મહેશ પટેલ

વડગામના પૂર્વ ધારાસભ્ય 'કેસરિયા' કરશે : મોદી સાથે દિલ્હીમાં મુલાકાત કરી

ગાંધીનગર,તા.૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ધમધમાટ વચ્ચે અનેક પક્ષપલ્ટું નેતાઓ હવે સક્રિય બન્યા છે. ત્યારે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મણિભાઈ વાઘેલાએ પીએમ મોદી સાથે મુલાકાત કરી હોવાના અહેવાલે રણનીતિમાં ગરમાવો લાવી દીધો છે. મણિભાઈ વાઘેલા વડગામથી કોંગ્રેસના ધારાસભ્ય રહી ચૂક્યા છે. જીગ્નેશ મેવાણી કોંગ્રેસમાં જોડાતા વાઘેલાએ આ સીટ પરથી રાજીનામું આપ્યું હતું.વડગામના કોંગ્રેસી પૂર્વ ધારાસભ્ય હવે ''કેસરીયા'' ના અહેવાલ ભારે ચર્ચામાં છે. ભાજપમાં જોડાયા પહેલા જ પીએમ મોદી સાથે મણિભાઈ વાઘેલાએ દિલ્હીમાં મુલાકાત કરી લીધી છે. તમને જણાવી દઈએ કે, નવેમ્બર ૨૦૨૧માં કોંગ્રેસમાંથી મણિભાઈ વાઘેલાએ રાજીનામું આપ્યું હતું. વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં તેમની બેઠક જીગ્નેશ મેવાણી માટે ખાલી કરાવી હતી. કોંગ્રેસના ધારાસભ્ય હોવા છતાં જિગ્નેશ મેવાણીને અપક્ષ ચૂંટણી લડાવી હતી. આ વર્ષે પણ જિગ્નેશ મેવાણી ત્યાંથી ચૂંટણી લડે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભાજપે કોંગ્રેસને સત્તામાં આવવાના સપનાને તોડવા માટે અત્યારથી દરેક પ્લાન ઘડી નાંખ્યા છે. ત્યારે કોંગ્રેસને ઝટકો આપવા માટે વાઘેલા ભાજપમાં જોડાશે તેવી ચર્ચા ચાલી રહી છે. મણિલાલ વાઘેલા ૩૫ વર્ષથી કોંગ્રેસમાં જોડાયેલા હતા. વર્ષ ૨૦૧૨માં ભાજપના કેબિનેટ મંત્રીને હરાવીને વાઘેલા જીત્યા હતા. વર્ષ ૨૦૧૭ની રાજયસભા ચૂંટણીમાં વાઘેલા અહમદ પટેલને વફાદાર રહ્યા હતા. પરંતુ જિગ્નેશ મેવાણીના કોંગ્રેસમાં જોડાવાની જાહેરાત બાદ તેમણે રાજીનામું આપ્યું હતું.

વડગામના પૂર્વ ધારાસભ્ય મણિભાઈ વાઘેલા આ મહિનાના અંત સુધીમાં ભાજપમાં જોડાય તેવી શક્યતા જોવામાં આવી રહી છે. એવું પણ જાણવા મળી રહ્યું છે કે પીએમ મોદીના બનાસકાંઠા પ્રવાસ દરમિયાન કે ભાજપ અધ્યક્ષ સી આર પાટીલના પ્રવાસ દરમિયાન જોડાય તેવી શક્યતા છે. મણિભાઈ વાઘેલાએ ભાજપમાં જોડાવાની તારીખ હજુ સુધી નક્કી થઈ નથી.બનાસકાંઠાના વડગામના પૂર્વ ધારાસભ્ય મણીલાલ વાઘેલાએ પીએમ મોદી સાથે મુલાકાત કરી તે તસવીર પણ સામે આવી છે. જો કે સત્તાવાર હજી તેઓ ભાજપમાં જોડાયા નથી પરંતુ તે અગાઉ તેઓ પીએમ મોદીને મળ્યા છે.

જામનગરમાં કોંગ્રેસના મોંઘવારી સામેના વિરોધ પ્રદર્શન દરમિયાન પાર્ટીના નગરસેવિકાએ ધેનની ગોળીઓ ખાઈ લેતા ખળભળાટ

જામનગર,તા.૨

જામનગરમાં કોંગ્રેસ દ્વારા મોંઘવારી સામે સતત બીજા દિવસે પણ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું જામનગરમાં કોંગ્રેસના મોંઘવારી સામેના વિરોધ પ્રદર્શન દરમિયાન પાર્ટીના નગરસેવિકાએ ધેનની ગોળીઓ ખાઈ લેતા ખળભળાટ સર્જાયો હતો એસ ટી ડેપો નજીક કોંગ્રેસના ધારાસભ્ય વિક્રમ માડમ સહિતના પાર્ટીના આગેવાનો ધરણામાં સામેલ થયા હતાં ત્યારે શહેર પ્રમુખે જણાવ્યું હતું કે નગરસેવિકાએ અંગત કારણોસર દવા પીધી હશેમોંઘવારીના માર વચ્ચે પેટ્રોલ ડીઝલ હેસ સિલિન્ડરની કીંમતમાં સતત વધારો થઈ રહ્યો છે જેના કારણે સામાન્ય જનતાનું બજેટ ખોરવાઈ રહ્યું છે ત્યારે વધતી મોંઘવારીને લઈને કોંગ્રેસ દ્વારા પાટણમાં પણ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતાં કોંગ્રેસે ગધેડા ઉપર ગેસની બોટલ તેમજ સગડા મુકીને સુત્રોચ્ચાર કર્યા હતાં મોંઘવારીના વિરોધમાં સુરત વડોદરા રાજકોટ સુરેન્દ્રનગર વલસાડ પાટણ પાલનપુર જામનગર વગેરે જીલ્લામાં પણ કોંગ્રેસના નેતાઓએ વધતી મોંઘવારીને લઈ ભાજપ સરકાર પર આક્ષેપો કરી પ્રદર્શનો કર્યા હતાં.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001